‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૯

લોકભારતી પ્રકાશન – સણોસરા



# માટીની સુગંધ

– રામજીભાઈ વાઘાણી

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૯

માટીની સુગંધ

રામજીભાઈ જાદવભાઈ વાઘાણી

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત.

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

# અનુક્રમ

ઉપહાર.......... 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !.......... 5

મારું બાળપણ :.......... 7

આંબલા લોકશાળા અને સુધારાઓ :.......... 8

કજોડું તોડ્યું :.......... 10

સમાજસેવાનો આરંભ :.......... 13

પંચાયત સભ્ય તરીકે :.......... 15

સહકારી મંડળીમાં :.......... 16

મરણ પછીની વિધિમાં સુધારો :.......... 18

કુટુંબજીવનમાં સુધારાઓ :.......... 19


ખેતીવાડીમાં સુધારા.......... 21

હાઈબ્રિડ બાજરી અને નવા પાકો દાખલ કર્યા :.......... 24

મારી પંચવર્ષીય યોજનાઓ :.......... 26

અમારું કુટુંબજીવન :.......... 27

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ

લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## મારું બાળપણ :

મારા બાપા અભણ તેથી ભણવાનું બહુ મહત્ત્વ નહીં પણ મહેનતુ ઘણા અને ખેતીની સૂઝ બહુ સારી. સ્વભાવે તેજ પણ સચ્ચાઈવાળા. મારાં બા સ્વભાવે ખૂબ શાંત અને ઊંડી સમજણવાળાં. ભણેલ નહીં, પણ ગણેલ ખરાં, હિસાબમાં ભણેલાઓની ભૂલ કાઢે તેવાં. મારા મોટાભાઈ બે ધોરણ ભણેલા તેથી તેઓ અને મારાં બા કેળવણીમાં સમજે. મને પાંચ ધોરણ ભણાવવો તેવી તેઓની ઇચ્છા ખરી, તેથી મને પ્રાથમિક શાળામાં ભણવા બેસાર્યો.

બીડી પીવાની કુટેવ પડી : કહેવતમાં કહ્યું છે કે કાળિયા પાસે ધોળિયો બાંધ્યે વાન ન આવે પણ સાન આવે; તેવું મારું પણ થયું. હું ત્રીજા ધોરણમાં ભણતો હતો. તે સમયે મારાથી ૩ વરસ ઉંમરમાં મોટા એવા બે ભત્રીજાનો મને ઢોર ચરાવવા જવામાં સથવારો મારા પિતાએ કરી આપ્યો. એ બન્ને બીડી પીવાના વ્યસની, તે બન્નેએ વિચાર કર્યો કે રામજીકાકાને બીડી પીતા કરી દઈએ. તેઓ બીડીઓ ખૂબ લાવે. મને બીડી પીવાનો આગ્રહ કરવા લાગ્યા. મેં ના કહી... હું ભણું છું ...મારાથી બીડી ન પીવાય. તેઓ કહે કે અત્યારે ક્યાં ભણવા જાવ છો ? ભણવા જાવ ત્યારે ન પીવી. મેં કહ્યું કે મને બીડી પીતાં ન આવડે. તો કહે અમે શિખવાડી દઈએ. અને બીડી પીતાં શિખવાડી દીધી અને પાકો વ્યસની બનાવી દીધો. સમય જતાં મેં પણ મારો વિસ્તાર વધાર્યો અને ઘણા વિદ્યાર્થીઓને બીડી પીતાં કરી દીધા. અમારા ગામની પ્રાથમિક શાળામાં પાંચ ધોરણ હતાં તે મેં પૂરાં કર્યાં. મારે આગળ અભ્યાસની ઇચ્છા હતી; પણ ઉંમર નાની એટલે ક્યાં જવું તેની સૂઝ નહીં. મારા મોટાબાપાના દીકરા વિઠ્ઠલભાઈ થોડુંક ભણેલ ખરા. તેના દિલમાં એક ભાવના કે આપણા કુટુંબને ખૂબ ભણાવીએ અને આગળ લાવીએ. તેની ભાવના તો આખા ગામને ભણાવીને આગળ લાવવાની હતી. તેમના નાનાભાઈ માવજીભાઈ પણ મારી સાથે ભણે. આ સમય પહેલાં એકાદ વરસ પહેલાં જ પૂ. નાનાદાદાએ તથા પૂ. મનુદાદાએ આંબલા ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા શરૂ કરેલ. પૂ. નાનાદાદા અને પૂ. મનુદાદા ગામડાંઓમાં ફરીને વિદ્યાર્થીઓ ગોતે અને અમારા વિઠ્ઠલભાઈ અમોને આગળ અભ્યાસ માટે મોકલવાનું સ્થળ ગોતે. બન્નેની મુલાકાત થઈ અને અમો બન્નેને આગળ અભ્યાસ માટે આંબલા મોકલવાનું નક્કી થયું.

### આંબલા લોકશાળા અને સુધારાઓ :

હું આંબલા ભણવા ગયો તેના સત્તરમા દિવસે ભીમ અગિયારસનું પર્વ આવે. આ પર્વ બહુ મોટું ગણાતું, આ દિવસે જાહેર સ્થળો – મંદિર, ધર્મશાળાઓમાં છૂટથી નાના-મોટા તમામ જુગાર રમતા. આ એક રિવાજ હતો. ભીમ અગિયારસના આગલે દિવસે હું કુંભણ આવ્યો. સાંજે લંગોટિયા ભાઈબંધો મળ્યા. પૂછ્યું કે અગિયારસ કરવા પહોંચી ગયા ? મેં કહ્યું કે આવવું જ જોઈએ ને ?

સવારે મિત્રો બોલાવવા આવ્યા કે ચાલો આપણે ભાગ્ય અજમાવવા (જુગાર રમવા) જઈએ. મેં કહ્યું કે હવે મારાથી જુગાર ન રમાય. હું લોકશાળાનો વિદ્યાર્થી છું, મને સાચું શિક્ષણ મળ્યું છે. જુગાર રમવું તે ખોટો માર્ગ છે અને તે મહાન પાપ છે. ત્યારે મિત્રો કહે કે દેવલોક્માં પાંડવો પણ જુગાર રમેલા. મેં કહ્યું, તે વાત સાચી પણ તેનું પરિણામ શું આવ્યું ? પાંડવો જુગારના કારણે દ્રૌપદીને હારી ગયા, રાજપાટ ખોયું અને બાર વરસ વનમાં રખડવાનો વારો આવ્યો. રાન રાન અને પાન પાન થઈ ગયા, તે જ બતાવે છે કે જુગાર ન રમાય. મને જુગાર રમાડવા માટે તે લોકોએ ઘણી મહેનત કરી પણ હું ન જ રમ્યો. પછી કહે ચાલો અમસ્તા ફરવા જઇએ.

ફરવા ગયા ત્યાં એક મિત્રે બીડીઓ કાઢી અને મારી સામે ધરી. મેં કહ્યું કે હું આંબલા ભણવા ગયો તેના પહેલા દિવસથી જ મેં બીડી પીધી નથી. આજે તેને સત્તર દિવસ થયા. અને હવે કદી બીડી પીવી નથી. તમે બધા પણ બંધ કરો તો સારું. તે વખતે તો તેઓને મારી વાત ન સમજાણી, પણ બીજા વર્ષથી મારા બન્ને ભાઈઓ તથા બીજા ઘણા ભાઈઓ અને મિત્રોએ જુગાર અને બીડી છોડી દીધાં.

**કુંટુંબમાંથી વહેમો ગયા :**

આજથી 40 વરસ પહેલાં આપણો સમાજ વહેમો અને અંધશ્રદ્ધામાં ખુબ ડૂબેલો હતો. ત્યારે હું પણ તે બધાની સાથે હતો. આંબલા લોકશાળામાં અભ્યાસ શરૂ કર્યો પછી એકાદ સત્રમાં જ અંધશ્રદ્ધા અને વહેમોએ મારા દિલમાંથી વિદાય લીધી.

અમારા ઘરમાં મારાં ભાભી વહેમમાં વધુ માને. છોકરું સહેજ બીમાર પડે કે તરત જ બીમાર છોકરાના માથા પરથી સાત સૂકાં મરચાં ઉતારીને જગતા ચૂલામાં નાખે. મરચાં બળતાં જો વાસ આવે તો નજર ભારે પડી છે એમ અમે માનતા. નજર પડી છે તેમ નક્કી થયા પછી

મારાં ભાભી નજર બાંધતાં અને હું પણ તેની મદદમાં રહેતો. પહેલું સત્ર પૂરું કરીને હું આંબલાથી ઘરે આવ્યો. મારી નજર ઘરમાં પેટી નીચે ગઈ. ત્યાં નજર બાંધેલી થાળી પડી હતી. થાળીમાં છાલિયું બરાબર ચોટેલું હતું. મારાં ભાભીને પૂછ્યું કે આ કોની નજર બાંધી છે ? તે કહે કે ગણેશની – (મારા મોટા ભાઈનો દીકરો ). જુઓ કેવી ભારે છે ! મેં મારાં ભાભીને કહ્યું કે એ નજર બાંધવામાં હું પહેલાં માનતો હતો પણ હવે સંસ્થામાંથી સાચું ભણતર મળતાં મને સમજાયું છે કે આ બધા ખોટા વહેમો છે, છોકરાં બીમાર પડે તો તેની દવા કરવી જોઈએ.

મારાં ભાભી કહે કે જો નજર પડી હોય તો જ છાલિયું ચોંટે છે અને ન પડી હોય ત્યારે નથી ચોંટતું, એમ કેમ થતું હશે ? મેં મારાં ભાભીને કહ્યું કે હું નજર ન પડી હોય તોય અને નજર ઉતાર્યા વિના (માંદા છોકરા પર નજર બાંધવાની થાળી ફેરવે છે તેને નજર ઉતારવી કહે છે), થાળીમાં છાલિયું ચોંટાડી દઉં તો તો તમે નજરનો  વહેમ કાઢી નાખશો ને ! અને તે કબૂલ થયાં.

મેં એક કાંસાની થાળી લીધી. એક છાલિયું લીધું. સાત તાજા પાડેલા દેવતા લીધા. થાળીમાં સાતે જગતા દેવતા મૂકી ઉપર છાલિયું ઊંધું મૂકી તેના ઉપર છાણ અને પાણીથી કરેલ રગડો રેડ્યો. દેવતા સારો હોવાથી છાલિયું સારી રીતે ચોંટી ગયું.

આ જોઈને મારાં ભાભી બોલી ગયાં કે આ તો બરાબર, હું કબૂલ થાઉં છું, પણ જગતા ચૂલામાં મરચાં નાખીએ અને નજર હોય તો વાસ બિલકુલ ન આવે અને નજર ન હોય તો રસોડામાં તો શું પણ ફળિયામાં પણ ન રહેવાય તેવી વાસ આવે તેનું શું ?

આ બાબતમાં એક અઠવાડિયું વિચાર કર્યો ત્યારે મને સમજાયું. મારાં ભાભી બહાર ગયાં હતાં ત્યારે મારી આ સમજણ પ્રમાણે અખતરો કરી વાળ્યો. પછી મારાં ભાભીની હાજરીમાં આ અખતરો કરી બતાવ્યો. સાત સૂકાં મરચાં લીધાં. ચૂલામાં સારો તાપ કર્યો અને તેમાં સાતે મરચાં નાખ્યાં. તાપ સારો હોવાથી સાતે મરચાંનો તાપ થઈને બળી ગયાં. વાસ બિલકુલ ન આવી. પછી કહ્યું કે હવે તમને વાસ કેમ આવે છે તે બતાવું. તાપ ઓલવી નાખી ખાલી દેવતામાં ફક્ત અર્ધું મરચું નાખ્યું. મરચાના ધુમાડાનો ગૅસ થયો તેની વાસ એવી આવી કે ફળીમાં પણ રહી ન શકાયું.

આ પ્રસંગથી અમારા ઘરમાંથી નજર બાંધવાનો વહેમ સદંતર ગયો અને બીજા જે જે વહેમો જીવનમાં આવે તેમાં મને પૂછે અને હું જે તેનો ખુલાસો કરું તે બધાં માન્ય રાખે તેવો વિશ્વાસ મારા પર બંધાયો. અમારા ગામમાંથી પણ વહેમોએ વહેલી વિદાય લીધી.

## કજોડું તોડ્યું :

હું લોકશાળામાં ચોથા વરસના છેલ્લા સત્રમાં ભણતો હતો ત્યારે મારી ઉંમર 15 વરસની હતી. એ સમયે પૂ. મનુદાદાને કોઈકે વાત કરી : રામજીભાઈનાં પત્નીને આણું તેડવાના છે. તેમને એ વાત સાચી લાગેલ નહીં, કારણ કે મારી ઉંમર નાની અને તેમાંયે મારું શરીર એકવડિયું. છતાંયે મને એકલો બોલાવીને પૂછયું કે આ આણા બાબતની વાત સાચી છે ? મેં કહ્યું, હા સાચી છે. પૂ. દાદાએ પૂછયું કે તમારાં લગ્ન ક્યારે થયાં ? અને તેમની ઉંમર કેટલી ? મેં કહ્યું કે મારી ઉંમર પાંચ વરસની હતી ત્યારે જ મારાં લગ્ન થયાં છે અને તેમની ઉંમર મારા કરતાં 2થી 3 વરસ વધુ છે. પૂ. મનુદાદાએ અમારા ખેતીશિક્ષક શ્રી. હરિભાઈને જોવા મોકલ્યા. હરિભાઈએ આવીને વાત કરી કે આ તો ખરેખર કજોડું છે. ઊંચાઈ રામજીભાઈ કરતાં અર્ધો ફૂટ વધુ. વળી શરીર ત્રણ ગણું હૃષ્ટપુષ્ટ.

પૂ. મનુદાદાએ મને સમજાવીને તૈયાર કર્યો અને કહ્યું કે આમાં તમારે બરાબર સજાગ રહેવું પડશે.

હું અભ્યાસનું ચોથું વરસ પૂરું કરીને ઘેર આવ્યો ત્યારે ઘરે આણાનું નક્કી કરી વાળ્યું હતું. મેં બધી માહિતી જાણ્યા બાદ કહ્યું કે આણાનું બંધ રાખવાનું છે અને મારે હજી આંબલા પાંચમું વરસ અભ્યાસ કરવા જાવાનું છે, અને તે પછી મારે આગળ અભ્યાસ માટે આણંદ જવાનો વિચાર છે. માટે આગળ અભ્યાસ માટે આણંદ જવાનો વિચાર છે. માટે આપણે આણું તેડવાનું બંધ રાખી છૂટું કરી દેવાનં નક્કી કરો.

**વડીલોનો જવાબ** : આ બધું શિખવાડનાર સંસ્થાવાળા જ છે. અમોએ જ ભૂલ કરી કે તને ત્યાં ભણવા મોકલ્યો. સંસ્થામાંથી કોઈકને જોવા મોકલ્યા હતા તે સમાચાર પણ અમને મળ્યા છે. આ તો અમારા વડીલોના નાકની વાત છે એટલે છૂટાછેડાની તો વાત જ ન કરવી. અને સંસ્થામાં ભણવાનું તો શું પણ આજથી આંટો જવાનું પણ બંધ. છૂટાછેડા કરીને બીજી ક્યાંથી લાવીશ ?

**મારો જવાબ**: મારે લગ્ન નથી જ કરવાં. હું કોઈ દિવસ તમને લગ્નનું નહીં કહું. લગ્નની જવાબદારી મારી.

**વડીલો**: સંસ્થાવાળાએ કહ્યું હશે, તું ના પાડજે અને અમે અહીંથી ગોતી આપશું. હવે અમને બધી ખબર પડી છે. તેઓ ગમે તે જ્ઞાતિની લાકડે-માંકડું બેસારી દ્યે તે અમારે મંજૂર નથી. અમારે સમાજમાં ઊંચું માથું રાખીને ચાલવું છે.

મારે વડીલો સાથે જે વાતચીત થઈ તે લખીને પૂ.મનુદાદાને મોકલી. તેમણે લખ્યું કે ન માને અને તેડે તો, તમો તો અડગ રહેજો. તેમની સાથે બોલવા-ચાલવાનું બંધ રાખજો અને હિંમતપૂર્વક કામ લેજો.

આણુ વડીલોએ નક્કી કર્યા મુજબ તેડી આવ્યા. હવે મારી અગ્નિપરીક્ષા શરૂ થઈ. પૂ. દાદાના કહેવા મુજબ બોલવાચાલવાનો વહેવાર બંધ રાખ્યો. મારા કુટુંબીઓએ મારા પર જાતજાતની જાળ નાખવાના પ્રયોગો શરૂ કર્યા પણ મેં તે જ દિવસે રાત્રે ઘરનાંને સૂવા દઈને રાતના 12 વાગે ઊપડી અણીડાના ડુંગરમાં થઈ ને આંબલા પહોંચી પૂ. મનુદાદાને જગાડ્યા. હું તેમની પાસે રડી પડ્યો. તેમણે મને ધીરજ આપી કહ્યું કે અત્યારે સૂઈ જાવ અને સવારે અરણેજ આત્મારામભાઈ પાસે જજો. પછી આગળ અભ્યાસનું ગોઠવશું. તમારે કોઈ પણ જાતની ચિંતા કરવાની નથી. મેં કહ્યું મારી પાછળ હમણાં જ મારા મોટાભાઈ આવશે એટલે મારે હમણાં જ નીકળી જવું જોઈએ. મારી સાથે આવવા વલ્લભભાઈને તૈયાર કર્યા. અમે બહાર નીકળ્યા ત્યાં જ મારા મોટાભાઈ આવ્યા.

પૂ. દાદાએ પહેલાં મારા ભાઈને ખૂબ ઠપકો આપ્યો અને પછી સમજાવ્યા અને કહ્યું કે રામજીભાઈ તો નહીં જ આવે. મેં પણ ના કહી. પણ તેમણે કહ્યું કે બા ખૂબ રૂએ છે માટે તું ઘર સુધી આવી જા. પછી હું તને ભણવા મોકલીશ અને તું કહીશ તેમ કરીશ. મારા બાની વાત સાંભળી ત્યારે હું જવા સંમત થયો પણ પછી મને અભ્યાસ માટે ન જ મોકલ્યો.

હું આવ્યા પછી મારાં બાએ બધાંને કહ્યું કે રામજીની વાત સાચી છે; હવે તમે સૌ સમજો; ત્યારે કહે કે હવે તો અમે પણ સમજીએ છીએ પણ આપણે સામેથી ના કેમ કહેવી ? આપણે પહેલી ના કહીએ તો આપણી સમાજ ટીકા કરે. તે (વહુ) ના કહે તો સારું. તેમાં બે લાભ છે. આપણે ના કહી ન કહેવાય અને બીજું એ કે છૂટાછેડાના પૈસા આપે. મારા ઉપરથી હવે તેના ઉપર પ્રયોગો થવા લાગ્યા. તેને ના કહેરાવવા માટે મૂંઝવવા લાગ્યા. વળી મારે બીજી ચિંતા થઈ કે આ બિચારી પારેવડી જેવીને હેરાન કરે તે બરાબર નહીં. મારે મારી ફરજ સમજીને કુટુંબીઓને કહેવું જોઈએ.

એક દિવસ બધાં ઘરનાંઓને બેસાડીને સમજાવ્યા કે આ બિચારી પારેવડી જેવી છે. આ

કજોડું થયું તેમાં તેણે શું ગુનો કર્યો ? કજોડું સમાજના કુરિવાજે થયું તેમાં હેરાન આને શા માટે કરવી ? આપણને તેનું પાપ લાગશે. માટે સમાજની ટીકાથી બીવું નહીં જોઈએ. સામેથી પાંચ પચ્ચીસ રૂપિયા આપીને છૂટાછેડા કરી નાખવા. આપણે એક પૈસા લખણું લેવું નથી. આપણી સચ્ચાઈ હશે તો ભગવાન ઘણું આપશે. સૌએ મારી વાત માન્ય રાખી અને હું અગ્નિપરીક્ષામાં પાર ઊતર્યો.

**બાપાનો પસ્તાવો** :

મારા બાપા બીમાર હતા તેથી તેમને ચાંપીને હું બાજુમાં બેઠો હતો અને તેમની સાથે વાતો કરતો હતો. ત્યાં મને ગદગદ કંઠે કહે કે બેટા, હવે મને સાચી વાત સમજાણી. મેં તને વગર વાંકે ખૂબ ઠપકો આપ્યો તેમ જ ઘણી વાર હાથ પણ ઉપાડ્યો. છતાં તું કોઈ દિવસ સામે બોલ્યો પણ નથી. વળી તેં મનમાં પણ ક્યારેય રીસ રાખી નથી. અત્યાર સુધી મને એમ હતું કે મારા દીકરાને બગાડનાર આંબલા લોકશાળા છે અને આ સંસ્થાવાળા મારા દીકરાને મારો રહેવા નહીં દે. પણ હવે મને તારી, નાનાભાઈની તથા મનુભાઈની વાત બરાબર સમજાણી. એમણે જે શિક્ષણ આપ્યું છે તે સાચું શિક્ષણ છે એમ કહીને તેઓ રડી પડ્યા.

### સમાજસેવાનો આરંભ :

ઘર તથા કુટુંબ અને ગામ સાથે બરાબર સેટ થયા પછી વિચાર આવ્યો કે આપણે કાંઈક સેવાનાં કાર્યો કરવાં જોઈએ. આ કામ વીંછીની દવાથી શરૂ કરવાનું નક્કી કર્યું. ગામમાં અને સીમમાં વીંછીનો ઉપદ્રવ વધુ. દિવાળીની મોસમમાં તો દરરોજ બે-ત્રણ જણને વીંછી ડંખ્યો જ હોય. વીંછી માટે ધોળકાની દવા સારું કામ આપતી, તે વી.પી.થી મગાવીને રાખતો. તે પછી વરતેજ કેમિકલ વર્કસની દવા પણ રાખતો. બીજી દવા નવસાર અને કળીચૂનો એક શીશીમાં ભરી તેમાં પાણી નાખી  હલાવવું  – દરદીને શીશી સુંઘાડવી અને મિશ્રણ ડંખ ઉપર લગાડવું. ચોથી દવા નિર્મળીનાં બી. આ બીને છાશ કે દહીં સાથે છીપર ઉપર ઘસી રસ ડંખ ઉપર લગાડવો અને તેના પર બી મૂકી દેવું. બી ડંખ ઉપર ચોંટી જાય છે, ફૂલીને મોટું થાય છે. જ્યારે વીંછી ઊતરી જાય છે ત્યારે આ બી આપોઆપ ખડી પડે છે. આ બી લોકભારતીમાંથી મગાવીને રાખું છું.

આંબલાથી આવ્યા બાદ વીંછીં ઉતારવાનું મારા માટે કાયમી થઈ ગયું છે. હરિજન-ભંગીને વીંછી કરડયો  હોય તો હું જાતે જ તેની દવા કરું છું જેથી બીજા લોકોમાંથી આભડછેટ નીકળી જાય.

### અસ્પૃશ્યતા ગઈ :

અમારા વાઘાણી કુટુંબમાં હરિજન-ભંગી મજૂરીએ આવે તો પણ બપોરે ભાત અપાતું નહીં તેવી અમારે રાંદલ માતાજીની આડી હતી. આવો વહેમ વારસાગત પેઢિયુંથી ચાલતો હતો. પહેલાં અમારા ઘરમાં સમજાવવાની શરૂઆત કરી. આપણાં માતાજી રાંદલ મા છે તે જ હરિજન-ભંગીનાં પણ માતાજી છે. બધાનાં માતાજી એક છે. આપણે સૌ એક જ માતાજીનાં સંતાન છીએ એટલે તેને કોઈના તરફ ભેદભાવ ન હોય; તો પછી આપણે શા માટે ભેદભાવ રાખવો જોઈએ? આ રીતે સમજાવતાં ભાત આપવાની શરૂઆત થઈ. તે પછી તેઓ કૂવે પાણી સીચીંને લાવે. આ રીતે સમજાવતાં છેલ્લાં 20 વરસથી હરિજનો અમારા ઘરમાં સવર્ણોની જેમ હરેફરે છે. ગામનાં ઘરડાંઓ ઘણો વખત આનો વિરોધ કરતા રહ્યા. પછી તો તેઓ પણ સમજી ગયા અને કહેતા થઈ ગયા કે વા વાય તેમ ઘોડી માંડવી જ જોઈએ.

**રાત્રિશાળા-પૌઢશિક્ષણ** : ઘરમાં સેટ થયા પછી ખેતીના કામમાંથી થોડો સમય કાઢીને રાતે કાંઈક પ્રવૃત્તિ કરવી તેવી ઇચ્છા થઈ એટલે રાત્રિશાળા શરૂ કરી. ગામમાં એક મકાન ભાડે રાખ્યું અને તેમાં શરૂઆત કરી. ગામમાં એકાદ માસમાં 25થી 30ની સંખ્યા થઈ. પછી તો થોડી બહેનોએ કહ્યું કે તમારાં બંને બહેનો આવે છે તેમની સાથે અમને ભણાવો તો અમે પણ આવીએ. મેં હા પાડી અને 15-20 બહેનો પણ આવવા માંડી અને સંખ્યા 45થી 50 આસપાસ થઈ.

રાત્રિશાળા મેં ત્રણ વરસ ચલાવી. દિવાળીની મોસમમાં 40-45 દિવસ બંધ રાખતા, બાકીનો સમય ઠીકઠીક નિયમિત ચલાવતો. આમાં ઘણાં ભાઈઓ-બહેનો લખતાં-વાંચતાં થઈ ગયાં તે હજી મને સાંભરે છે.

**યુવક મંડળ** :

યુવાનોની પ્રવૃત્તિઓ ચલાવવા યુવકમંડળ શરૂ કર્યું હતું તે ઘણાં વર્ષો ચાલ્યું. હજી પણ તે ખોડિયાર મંડળના નામથી ચાલે છે. તે ગામનાં સામાજિક અને ધાર્મિક કામોમાં મનોરંજન કાર્યક્રમ, ગરબી, દાંડિયારાસ વગેરે જેવા કાર્યક્રમો આપે છે અને જ્યારે જરૂર પડે ત્યારે સ્વયંસેવકનું કામ પણ કરે છે.

### પંચાયત સભ્ય તરીકે :

પંચાયતના સભ્ય તરીકે હું લગભગ પંદરેક વરસથી છું. તેમાં અમે ચાલુ કામો સિવાયનાં પણ ઘણાં કામો કર્યાં; તેમાં મહત્ત્વનાં નીચેનાં ગણી શકાય.

**પાણીનો પ્રશ્ન હલ કર્યો** : અમારા ગામકૂવામાં પાણી સારા વરસે પણ 6થી 8 મહિના જ પહોંચતું અને પછી પાણીની ટાંકી ભરાતી બંધ થતી જેથી પાણી આજુબાજુની વાંડીઓમાંથી લાવીને પીવું પડતું અને પશુઓને પણ પાવું પડતું. તેમાં એક દુષ્કાળ જેવું વરસ થયું તેથી અમો પંચાયતે સરકાર પાસે જઈ જળમની માગણી કરી, જે મંજૂર થઈ. તે ગળાવતાં તેમાં પાણી સારું થયું. આ જળમથી જૂના ગામકૂવાએ જે પાણીની ટાંકી હતી તેમાં પાઈપ લાઈન દ્વારા પાણી પહોંચાડવાની યોજના કરી અને સરકાર પાસેથી ધોરણસરની મદદ મેળવી તે કામ પૂરું કર્યું.

**પ્રાથમિક શાળાનું મકાન બંધાવ્યું** : અમારા ગામની જૂની પ્રાથમિક શાળામાં સંખ્યા વધવાથી સાંકડ પડતી હતી. પ્રાથમિક શાળાના મકાનની બાજુમાં સરકારી જમીન ખાલી પડી હતી તે પંચાયતે પ્રાથમિક શાળા માટે આપી, આ જમીનમાં અમે ગામફાળો કરીને જાત દેખરેખ નીચે 80*16 ફૂટનું લાંબું છાત્રાલય ચણાવી, મળાવી, તળિયે લાદી ચોડાવીને સંપૂર્ણ કરાવી આપ્યું.

**સંડાસની વ્યવસ્થા કરાવી** : અમારા ગામમાં બહેનો માટેનું જાહેર સંડાસ ઉત્તર બાજુએ એક જ હતું; જેથી પૂર્વ બાજુએ બીજું સંડાસ વાડા ટાઈપ ચણાવી આપ્યું. વળી, ગામમાં સંકડાશ પડવાથી ગામની બાજુની જમીનના પ્લૉટ પાડી જાહેર હરાજીથી વેચ્યા; અને ગામની પશ્ચિમ બાજુ એક સંડાસ બંધાવ્યું.

**ઘરવિહોણાંને જમીન આપી** : ગામમાં જે મકાનવિહોણાં હતાં તેમને એક્સો વારિયા પ્લૉટ મફત અપાવ્યા; તથા ચણાવવા જે મદદ મળે તે અપાવી. હરિજન લોકોને મકાનની સંકડાશ હતી તેથી સરકારી નિયમ મુજબ જે કિંમત થાય તે બાંધી કિંમતે – સસ્તા દરે પ્લૉટો આપ્યા.

**વીજળી લાવ્યા** : અમારા ગામે વીજળી ન હતી. અમોએ માંગણી કરતાં રૂ. 45000 ડિપૉઝિટ 10 વર્ષ માટે ભરવાના થયા જે અમારે ગ્રૂપે ભરી અને વીજળીની મંજૂરી મેળવી. અત્યારે કનેક્શન અપાઈ ગયું છે. દળવાની ઘંટી 2, વેલ્ડિંગ પ્લાન્ટ 3, અને હીરાનું કારખાનું 1 ઉપરાંત બધા કૂવા પર મોટરો ચાલે છે.

### સહકારી મંડળીમાં :

સહકારી મંડળીમાં હું વર્ષોથી સભ્ય છું. તેમાં સને 1971ની સાલમાં કાર્યવાહક કમિટીમાં હું હતો. આ વર્ષ અર્ધ દુષ્કાળ જેવું હતું, તેથી ગામડામાં અનાજની ખૂબ તંગી હતી. સરકારે એવો કાયદો કર્યો હતો કે ખેડૂત, વેપારી કે મજૂર કોઈ પણ કુટુંબ 10 ક્વિન્ટલથી વધુ અનાજ રાખી ન શકે. તેથી ખેડૂતોએ 50 મણ અનાજ રાખીને વધારાનું બહાર વેચી દીધું, જેથી ગામમાં અનાજની અછત ઊભી થઈ, મળતું બંધ થઈ ગયું. દરેક ગામમાં અનાજની સમિતિ હતી. અમારા ગામમાં પણ હતી. પણ આ સમિતિને સરકાર અનાજ પૂરું આપતી ન હતી. મહિનામાં એક-બે વાર અને તે પણ મર્યાદિત પ્રમાણમાં આપે; જે ચારપાંચ દિવસમાં ખલાસ થઈ જાય. આ અરસામાં હું દાડિયા કરવા ભંગીવાસમાં ગયો અને ભંગીવાસના મુખ્ય માણસો મારા ફરતા વીંટળાઈ વળ્યા અને કહેવા લાગ્યા કે અમને ત્રણ દિવસથી બાજરો કે જુવાર કશું મળ્યું નથી. ચોખા મળે છે તે બાફીને ખાઈએ છીએ. અને તે પણ મોંઘા મળે છે જે અમને પોસાય નહીં. તો અમને બધા વચ્ચે એકાદ ગુણ બાજરો આપો. તમારે જે ભાવ લેવો હોય તે લેજો. મેં કહ્યું, આ એક ગુણી બાજરો તમને આપ્યે પ્રશ્ન પતે તેમ નથી. આ તો આખા ગામનો પ્રશ્ન છે.

હું અમારી સહકારી મંડળીના મંત્રી પાસે ગયો. તે કહે કે આપણે સમિતિ ચલાવીએ છીએ પણ સરકાર અનાજ આપે ત્યારે આપીએ ને ! મેં કહ્યું આપણે સાઈડમાં આપણી રીતે બીજું અનાજ વેચાતું લાવીને રાખીએ અને નહિ નફા –નુકસાનના ધોરણે વેચીએ અને તેના માટે જેટલા રૂપિયા જોઈએ તેટલા હું નવી સિઝનનો પાક તૈયાર થઈ બજારમાં આવે ત્યાં સુધી રોકીશ પણ અનાજ વહેંચવાની જવાબદારી તમારે લેવી પડશે. મંત્રીએ આ સેવાના કામમાં સહકાર આપવાની હા કહી.

મેં વેચવા માટે તે જ દિવસે 30 મણ બાજરો મારા ઘરેથી મંગાવી લેવા કહ્યું અને કુટુંબ દીઠ 5 કિલો બાજરો રૂ. 30ના ભાવે વેચવાનું શરૂ કરી દેવા કહ્યું. તે વખતે ભાવ રૂ. 45 આસપાસ ચાલતો હતો પણ મારે રૂ. 30 થી વધારે ભાવ લેવો ન હતો. બીજે જ દિવસે અમે 300 મણ અનાજ બહારથી લઈ આવ્યા અને તે પછી નિયમિત લાવવાનું ચાલુ રાખ્યું.

આ અરસામાં અમારા ગામમાંથી કોઈ વિઘ્નસંતોષીએ અરજી કરેલ કે ગામમાં આ પાંચ ખેડૂતો પાસે દશ કિવન્ટલથી વધારે અનાજ છે. મામલતદાર તથા તેની નીચેના એક ભાઈ સહકારી મંડળીમાં-સમિતિમાં તપાસ કરીને અમારે ઘરે આવ્યા. વાતચીત કરતાં પૂછયું કે સમિતિમાં ત્રીસ મણ બાજરો સસ્તા ભાવે વેચવા આપ્યો તે રામજીભાઈ કોણ ? મેં કહ્યું કે તે જ

હું. તેઓ કહે કે વેપારીઓ બાજરાનો ભાવ રૂ. 40-45 લે છે, જ્યારે તમે રૂ. 30ના ભાવે વેચ્યો તેવા સેવાભાવી છો. હવે અમારે તમારી શું તપાસ કરવી ?

એક વરસ તો મંડળીમાં નિયમિત અનાજ રાખીને પૂરૂં કર્યું પણ કઠણાઈ સંજોગે બીજું વરસ પણ સંપૂર્ણ દુષ્કાળ જેવું ગયું. આ વર્ષને પહોંચી વળવા અમે મુખ્ય માણસો ભેગા થયા અને નક્કી કર્યું કે આ વર્ષ ઊતરવા માટે મોટી રકમનું રોકાણ કરવું પડશે. ચર્ચા કરતાં અમુક ભાઈઓનું કહેવું એમ થયું કે આપણે ગામસભા રાખીએ અને વાત મૂકીએ કે જેને આ સેવાનો લાભ લેવો હોય તે વગર વ્યાજે આવતી દિવાળીએ નવો અનાજનો પાક તૈયાર થાય ત્યાં સુધી રકમ આપે. મેં કહ્યું કે સો લંગોટીએ પણ બૂંગણ પૂરું ન થાય. આપણે મુખ્ય માણસો જ વધુ રકમ રોકીએ. મારી વાત સૌએ માન્ય રાખી અને અમે 7-8 જણાએ જ આ રકમ વગર વ્યાજે રોકી, અને આખા વરસનો અનાજનો પ્રશ્ન હલ થયો.

**બાલમંદિર અને જયપ્રકાશ નારાયણ સ્મારક ટ્રસ્ટ** :

અમારા ગામમાં બાલમંદિર ન હતું. અમે ચૌદ જણાએ કુટુંબી ભાઈઓએ રૂપિયા એક હજાર મુજબ કાઢી રૂ. 14000 કાઢયા. આ રૂપિયા અમોએ બેંકમાં મૂક્યા. તેના વ્યાજમાંથી અને પ્રસંગોપાતના ફાળામાંથી બાલમંદિર શરૂ કર્યું. બે વરસ આ પ્રમાણે ચલાવ્યું.

આ દરમ્યાન અમારા ગ્રૂપે રામ-પારાયણનું આયોજન કર્યું. અમરદાસભાઈ ખારાવાળા જે અમારા ગામના વતની છે. (ખારા તેમનું મોસાળ છે) તેમને ફી ઑફ વાંચવાની અને યથાશક્તિ ફાળો આપવાની અમે રજૂઆત કરી. પોતાની જન્મભૂમિ હોવાથી અમારી વાત તેમણે સ્વીકારી તથા ફાળામાં પણ રૂ. 1000 આપ્યા. આ રામપારાયણમાં રૂ. 14,10000 (ચૌદ લાખ એક હજાર)નો ફાળો થયો. ફાળો સારો થયો હોવાથી અમોએ જયપ્રકાશ નારાયણ ટ્રસ્ટ બનાવ્યું. હું આ ટ્રસ્ટમાં એક ટ્રસ્ટી છું. આ ટ્રસ્ટ નીચે  બાલમંદિર, હાઈસ્કૂલ, સોસાયટી અને હૉસ્પિટલ ચલાવવાનો નિર્ણય કર્યો

છે.

### મરણ પછીની વિધિમાં સુધારો :

હું આંબલાથી અભ્યાસ કરીને આવ્યા પછી અમારા ઘરમાં ઘણાં બાળકો આગળ-પાછળ ગુજરી ગયાં. તેમની બીમારીમાં ઘરનાં બીજાં કરતાં મેં સેવા વધુ કરી છે. પણ ગુજરી ગયા પછી અમે કાંઈ વિધિ કરાવતા નહીં. અમારા ઘરનાં અને બીજાં મારી બાને કહે કે તમે કેમ કાંઈ વિધિ કરાવતા નથી; તો મારી બા તેમને જવાબ આપે કે રામજીને બાળકો પર અમારા કરતાં વધારે પ્રેમ છે અને સેવા પણ વધારે કરે છે એટલે તે કહે તેમ અમે કરીએ છીએ અને તેની વાત સાચી છે.

મારા બંને ભાઈઓ આકસ્મિક રીતે ગુજરી ગયા. તેમના આત્માની શાંતિ માટે કાંઈક વિધિ કરાવવા માટે અંધશ્રદ્ધાવાળાં ઘણાં સગાં-સંબંધીઓ અને અમારા ગામના ગોર આવીને મારાં બાને સમજાવવા લાગ્યાં. મારાં બા કહે કે તમે રામજીને કહો, તે કરે તે અમારે મંજૂર છે. તેઓ મને પણ સમજાવવા લાગ્યાં પણ હું મક્કમ રહ્યો. મારા બંને ભાઈઓ ગુજરી ગયા ત્યારથી મારા દિલમાં વિચારો ઘોળાયા કરતા હતા કે તેમના સ્મરણાર્થે કાંઈક કરવું. તેમાં આ બાલમંદિના નામકરણનો પ્રશ્ન આવ્યો. મેં મારા બન્ને દીકરાને વાત કરી કે આપણે દાદા તથા કાકાના સ્મરણાર્થે કાંઈ કર્યું નથી તો આ બાલમંદિરના નામકરણમાં તેમના સ્મરણાર્થે જે રકમ દેવાની થાય તેમાં ત્રીજા ભાગે આપવામાં તમારો શું વિચાર છે ? તેઓ સંમત થયા. તે પછી અમારા બન્ને ભાઈઓના દીકરાઓને પૂછ્યું અને તેઓ પણ સંમત થયા. અમારે રૂ. 11,111 આપવાના થયા તે અમે ત્રણેએ આપ્યા, અને તે પહેલાં અમે ત્રણે ભાઈઓએ થઈને રૂ, 3000 આપ્યા હતા. તેમ કુલ 14,111 રૂપિયા બાલમંદિરમાં આપ્યા.

અમને જે લોકો અંધશ્રદ્ધાવાળી વિધિ કરવાનું કહેતા હતા તે સંબંધીઓ અને સગાંવહાલાંઓને સાચી વાત સમજાણી અને અમારાં માજીને પણ ખૂબ જ સંતોષ થયો.

## કુટુંબજીવનમાં સુધારાઓ :

- **દીકરીઓને ભણાવવા બહાર મોકલી** :

અમારા બન્ને દીકરાઓ બીજા ધોરણથી સાથે હતા તેથી સાથે સાત ધોરણ પાસ કર્યાં. ચિ. ચંપા બે ધોરણ આગળ હતી એટલે તેણે સાત ધોરણ પૂરાં કર્યા પછી ઘર બેઠાં શાળાંત કર્યું. બન્ને દીકરાઓને આગળ અભ્યાસ માટે આંબલા લોકશાળામાં મોકલવા તેમ નક્કી કર્યું. તેની સાથે સાથે મને સમજાયું કે દીકરીઓને પણ આગળ અભ્યાસ કરાવવાની મા-બાપની ફરજ છે. જેથી મેં સમજીને ત્રણે છોકરાંઓને આંબલા લોકશાળામાં મોકલવાં તેમ નક્કી કર્યું. તેમ જ માવજીભાઈની કુંવરને પણ મોકલવી તેમ નક્કી કર્યું.

અમારે ચંપાનાં બા કહે કે એકી સાથે ત્રણે છોકરાંવ ભણવા જશે તેથી મને એકલા રહેવું ગમશે નહીં, માટે એકને તો ઘરે રાખો. મેં કહ્યું આ ત્રણે છોકરાંઓમાંથી કોને ઘરે રાખું ? મા-બાપની ફરજ મુજબ ત્રણેને આગળ અભ્યાસ કરાવવો જ જોઈએ. છેવટે મેં કહ્યું કે તું પણ છોકરાંવ સાથે સંસ્થામાં જા. હું અહીં એકલો ખેતી સંભાળીશ. આ વાત મેં પૂ. મનુદાદાને કરી. પૂ. મનુદાદાએ હા કહી. ત્રણે છોકરાંવને આંબલા લોકશાળામાં અભ્યાસ માટે મોકલ્યાં અને તેનાં બાને કહ્યું કે આંબલામાં મકાનનો મેળ થાય તે પછી તું જજે. ત્રણે છોકરાવને દર રવિવારે ઘરે આંટો આવવા કહ્યું, તે મુજબ તેઓ આવવા લાગ્યાં જેથી થોડેથોડે તેનાં બા એકલા રહેવા ટેવાઈ ગયાં અને આંબલા જવાની વાત માંડી વાળી.

આંબલા લોકશાળાનો અભ્યાસ પૂરો કરીને ચિ. રમેશ તથા ચિ. ચંપા લોકભારતીના સ્નાતક થયાં અને તે પછી જી. બી. ટી. સી. પણ કર્યું.

**લગ્નના રિવાજમાં સુધારો** :

અમોએ ચિ. ચંપાના તથા મારા મોટાભાઈની દીકરી ચિ. ક્રિષ્નાનાં લગ્ન સાથે લખ્યાં હતાં. તેની કંકોતરી ત્રણે સંસ્થામાં બધા જ કાર્યકરોને મોકલી હતી. પૂ. મનુદાદાએ લેખિત આશીર્વાદ મોકલી દીધા હતા. આથી હું એમની પાસે ગયો અને કહ્યું કે તમારે અમારે ત્યાં આવીને લગ્ન પ્રસંગમાં જ માંડવામાં વરઘોડિયાંને આશીર્વાદ આપવાનાં છે. મને કહે કે હું ક્યાંય આવા પ્રસંગોમાં જતો નથી. તમારે ત્યાં લગ્નમાં કાંઈ સુધારો હોય અને હું આવું તો બરાબર ગણાય. મેં કહ્યું ઘણા સુધારા હશે, તમે હા કહો. તેમણે સંમતિ આપી અને આવ્યા. આ લગ્નમાં

ગામ અને જ્ઞાતિની ચાલુ પ્રથાથી વિરુદ્ધ જઈને અમે નીચે પ્રમાણેના સુધારા કર્યા. આ અમારી પહેલ હતી.

બન્ને બહેનોનાં લગ્ન ખુલ્લે મોઢે કર્યાં. ત્રણે ભાઈઓના ઘરમાંથી ઘૂમટાના રિવાજને સદાને માટે વિદાય આપી.

સગીર વયે કોઈનાં લગ્ન ન કરવાનું નક્કી કર્યું.

દીકરી કે દીકરાનાં લગ્ન ધોળેધર્મે કરવાં. (પૈસા લેવાદેવા નહીં)

કરિયાવર લેવા કે દેવાની કોઈ શરત કરવી નહીં.

ફુલેકું કે પાટો ભરવો નહીં.

ઉકરડી નોતરવી નહીં કે ઉઠાડવી નહીં.

લગ્નમાં જમણ એક જ ટંક રાખવું.

લગ્નના શુભ પ્રસંગમાં ધૂમ્રપાન બંધ રાખવું.

વધુ કે દીકરીને લગ્ન પછી તેડવા કે મૂકવાની કોઈ શરત નહીં.

લગ્ન પ્રસંગમાં હરિજન, ભંગી, વાઘરી વગેરેને નોતરાં આપીને આંગણામાં બધાંની સાથે જ જમાડવાં.

યથાશક્તિ શિક્ષણ ક્ષેત્રે દાન કરવું.

અમારી બે દીકરીઓનાં આ રીતે લગ્ન થયાં પછી કુટુંબમાં અને ગામમાં આ સુધારા ધીમે ધીમે દાખલ થયા. અમે અમારા કુટુંબની બે દીકરીઓને પણ ધોળેધર્મે લગ્ન કરાવવામાં મદદ કરી હતી.

## ખેતીવાડીમાં સુધારા

**બાજરાનું વાવેતર પહોળે પાટલે :**

હું આંબલા ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં અભ્યાસ પૂરો કરીને સં. 2000ની સાલમાં ઘરે આવીને ખેતીમાં જોડાયો. અમારી ખેતીમાં બાજરાને સાંકડે પાટલે (18 ઈંચ) વાવતા, તેના બદલે પહોળા પાટલે (36 ઈંચ) વાવતેર કરાવ્યું. પહેલાં ખેડૂતો કહેતા કે બે ઓળનું ઉત્પન્ન એક ઓળમાં કેવી રીતે આવે ? પણ જ્યારે પ્રત્યક્ષ બાજરો જોયો ત્યારે સૌને સમજાયું કે પહોળા પાટલાનું વાવેતર જ બરાબર છે. અમારા ગામમાં છેલ્લાં 25 વર્ષથી બાજરાનું વાવેતર પહોળા પાટલે જ થાય છે.

**કમોદનું વાવેતર 18 ઈંચે :**

આ પાકનું વાવેતર પહેલાં 9 ઈંચના અંતરે આડાઊભા બે સર કાઢીને કરતા અને ઘણા ખેડૂતો 9 ઈંચના અંતરે એક સર કાઢીને કરતા. આંબલાથી આવ્યા પછી મેં 18 ઈંચના અંતરે વવરાવી, તે ખૂબ સારી થઈ. તેનું ઉત્પન્ન 15 ટકા વધુ આવ્યું. નિંદામણ ખર્ચ માત્ર 25 ટકા જ આવ્યું. કયારાપાળીનો ખર્ચ 50 ટકા જ થયો. આંતરખેડ થવાથી પિયતનો ખર્ચ પણ ઓછો થયો. જમીન ફળદ્રુપ રહી એટલે બીજી સિઝનનો પાક પણ સારો થયો. આટલા બધા ફાયદા જોઈને બીજા ખેડૂતો પણ બે ચાસ વચ્ચે 18 ઈંચના અંતરે વાવતા થઈ ગયા.

**કમ્પોસ્ટ ખાતર બનાવ્યું :**

હું અભ્યાસ કરીને ઘરે આવ્યો તે પહેલાં બધા ખેડૂતો ખાતર સેડવવા માટે ખાડામાં પાણી ખાતર તરતું થઈ જાય તેટલું મૂકે. અમે પણ તે રીતે જ કરતા. મેં મારા મોટાભાઈને સમજાવ્યું કે ખાડામાં પાણી મૂકવાથી ખાતરનો બધો કસ પાણી સાથે ઓગળીને જમીનમાં ઊંડે ઊતરી જાય. ત્યારે મારા મોટાભાઈને મારી વાત સમજાઈ ન હતી. તેથી મેં ચાર જુદી જુદી રીતે બનાવેલ દેશી ખાતરનો એક અખતરો એક શેરડીના પાકમાં કરી બતાવ્યો. વાઢના આઠ પાળિયા બનાવ્યા. બબ્બે પાળિયામાં ચાર અખતરા નીચે પ્રમાણે કર્યા :

1. પાણી છાંટીને કમ્પોસ્ટ પદ્ધતિથી બનાવેલ ખાતર.
2. ચોમાસાથી સડેલ ખાતર.
3. સડ્યા વગરનું ખાતર.
4. ખાડમાં ખાતર તરતું થાય તેટલું પાણી ભરીને બનાવેલ ખાતર.

આ અખતરો જોનારને વાઢના ચાર ચોખ્ખા ભાગ જોવા મળતા હતા. કમ્પોસ્ટ ખાતરવાળો વાઢ સૌથી સારો હતો. આ અખતરાથી અમને અને બીજા ખેડૂતોને ખાતર બનાવવાની સાચી રીત સમજાણી. છેલ્લાં 20 વરસથી અમારા ગામના 90 થી 95 ટકા ખેડૂતો સાચી રીતે ખાતર બનાવતા થઈ ગયા છે.

30 વરસ પહેલાં અમારે ત્યાં છાણનાં છાણાં થાપવામાં આવતાં અને તેનો બળતણ તરીકે ઉપયોગ થતો. તે વખતે અમારી મજમૂની ખેતી હતી. 24-25 ઢોર હતાં. તેનું 60થી 70 ગાડી ખાતર થાતું. અત્યારે અમારે ત્રણે ભાઈઓ પાસે કુલ 24-25 ઢોર છે અને કુલ 275 થી 300 ગાડી ખાતર થાય છે; અને તે પણ કસદાર.

**ખાતરમાં પશુઓના મૂતરનો ઉપયોગ** : 30 વરસ પહેલાં પશુઓનું મૂતર નકામું જતું. જ્યારે મેં ઢોરની નીચે માટી પાથરી તેમાં મૂતર ઝીલી ખાતરમાં નાખવાનું શરૂ કર્યું ત્યારે ઘણા ખેડૂતો કહેતા કે આ ગધ્ધા-મજૂરી શા માટે કરતા હશો ? માટીનું ખાતર ન થાય, અને ખેતરમાં માટીની ક્યાં તાણ છે ? મેં એક અખતરો કરી બતાવ્યો :

એક એકર જમીનમાં મૂતરે પલાળેલી માટી ચાસે ભરી. બીજા એક એકર જમીનમાં છાણિયું ખાતર ચાસે ભર્યું. માટી ભરીને મગફળી કરી હતી તેમાં વીઘે 18 મણ થઈ અને છાણિયું ખાતર ભરીને કરેલ હતી તે વીઘે 16 મણ થઈ. આ અખતરાથી મને પણ ચોક્કસ ખ્યાલ આવ્યો કે છાણમાં પોષણના ટકા છે તે કરતાં પણ વધુ મૂતરમાં છે. આ અખતરો જોઈને બીજા ખેડૂતોએ પણ મૂતરનો લાભ લેવાની શરૂઆત કરી દીધી. અમારા ગામના ખેડૂતો છેલ્લાં 20 વરસથી મૂતરનો ખાતરમાં ઉપયોગ કરતાં થઈ ગયા છે.

**એમોનિયમ સલ્ફેટનો ગામમાં પ્રથમ ઉપયોગ** :

અમારી વાડીમાં ભાગીદારીમાં ઘઉં કરવા એક ભાઈ ને આપ્યા હતા. ભાગીદાર ખંતીલા હતા તેથી ક્યારા-પાળી નાની અને સમતળ બાંધી. ઘઉંને પાવાનું મેં 6થી 7 દિવસે કહેલ પણ તેમણે દર પાંચ દિવસે પાવાનું રાખ્યું અને ક્યારા સારા ભરતા તેથી ઘઉં ધોળા થઈ ગયા. ખેતીની સૂઝ ઓછી હોવાથી મારા ભાગીદારને તેનો ખ્યાલ ન આવ્યો. પણ મારા પાડોશીએ મને એ વાત કરી. મેં ઘઉં જોયા અને ઉપાય શોધી કાઢ્યો. બીજે દિવસે સોનગઢ મંડળીમાંથી બે થેલી એમોનિયમ સલ્ફેટ લઈ આવ્યો અને તેને પાણી સાથે બે હપ્તે આપ્યું એટલે વાનમાં આવી ગયા, અને એક એકરમાં 60 મણ થયા. ઘઉંના પાકને ગયેલો પાછો વાળ્યો તે જોઈને આજુબાજુના ખેડૂતોને રાસાયણિક ખાતર ઉપર શ્રદ્ધા  જાગી તેથી સૌ વાપરતા થયા.

**પાકમાં દવાનો છંટકાવ ગામમાં પ્રથમ** : આ જ ભાગીદારને બીજા વરસે ભાગવી મરચી કરવા આપી. મરચીમાં ફૂલ ઊઘડવાના સમયે આખા ગામની મરચીમાં ફૂકડનો રોગ આવ્યો. ઘણાંએ મરચી પાડીને ઘઉં કરવા પસીયું કરી વાળ્યું. મને પણ આજુબાજુના કહેવા લાગ્યા કે તમે પણ મરચી પાડીને ઘઉં કરો. મેં કહ્યું મારે તો દવા છાંટવાનો અખતરો કરવો છે. ત્યારે પડોશીઓ કહે, દવા માણસની હોય, મોલાતની ન હોય. બીજે દિવસે પાલિતાણા ખેતીવાડી અધિકારી પાસે જઈ માહિતી મેળવીને દવા લઈ આવ્યો અને દવા છાંટી. એક અઠવાડિયા બાદ બીજી વાર છાંટી. મરચી એવી સરસ કોળી ગઈ કે જાણે રોગ આવ્યો જ નથી. અમારા ગામમાં મોલાતમાં દવા છાંટવાની આ શરૂઆત હતી. મારા શેઢાપાડોશી લક્ષ્મણભાઈ કોળેલી મરચી જોઈને બોલી ગયા કે આમાં વીઘે મણ મરચાં થાય તેમ ન હતાં, તેના બદલે વીઘે 50 મણ મરચાં થાય તેવી સરસ થઈ ગઈ છે. ખરેખર વીઘે 50 મણને બદલે 65 મણ મરચાં ઊતર્યાં. મરચીમાં દવાના છંટકાવથી થયેલો લાભ પ્રત્યક્ષ જોઈને અમારું ગ્રુપ તથા ગામના બધા ખેડૂતો પાકમાં દવાઓનો ઉપયોગ કરતા થઈ ગયા.

**ચાસે છાણિયું ખાતર ભરવાનું ગામમાં પ્રથમ** : અમારે ત્યાં છાણિયું ખાતર લાગઠ ભરવાનો રિવાજ હતો. મેં વાત સાંભળેલી કે ધોરાજી તરફ ખેડૂતો ચાસે ખાતર ભરે છે. ધોરાજી તરફના ખેડૂત ભાઈઓ પાસેથી જાણી લઈને મેં મારા ખેતરમાં ચાસ ખોલી વીઘે ત્રણથી સાડા ત્રણ ગાડી પ્રમાણે ભર્યું. મારી ચાસે ખાતર ભરવાની રીત જોઈને બીજા ખેડૂતભાઈઓ મારી ખેડને 'વેદિયા ખેડ' કહેતા. અને કહે કે આમ માજી તમાકુ સૂંઘે તેમ છોડને ખાતર સૂંઘાડયે મોલાત ન થાય. ખાતરનો પગર પાડી દેવો જોઈએ. પણ જ્યારે ચાસે ખાતર ભરેલી જમીનમાં મોલાત જોઈ ત્યારે જોનાર ખેડૂત ભાઈઓને ખાતરી થઈ કે આ રીત બરાબર છે. કારણ કે એક વીઘામાં લાગઠ ખાતર ભરવામાં 10થી 12 ગાડી જોઈએ, જે ચાસે ભરવામાં 3થી 4 ગાડી વીઘામાં થાય અને મોલાત લાગઠ ખાતર કરતાં સારી થાય જેનું એટલા જ ખાતરમાં ઉત્પાદન 3થી 4 ગણું આવે. આ ગણતરી સમજાવતાં અને ખેતર ઉપર પ્રત્યક્ષ બતાવતાં ખેડૂતોને આ વાત સમજાણી તેથી ચાસ પદ્ધતિ અને ચાસે ખાતર પદ્ધતિ અપનાવતા થયા. અત્યારે અમારા ગામમાં છેલ્લાં 20-25 વરસથી લગભગ બધા ખેડૂતો ચાસે ખાતર ભરતા થઈ ગયા છે.

## હાઈબ્રિડ બાજરી અને નવા પાકો દાખલ કર્યા :

અમારા ગામમાં સંવત 2022માં હાઈબ્રિડ બાજરી 115નું વાવેતર અમે ફક્ત પાંચ જણાએ કર્યું હતું. મેં સાત એકરમાં વાવી હતી. વરસ અર્ધ દુષ્કાળ જેવું હતું. બાજરી પારવતા હતા ત્યારે એક વરસાદ થયો હતો, પછી બાજરી લણવા ગયા ત્યારે બીજો વરસાદ થયો હતો. વરસાદની ખેંચ પડવાથી દેશી બાજરો ડૂંડામાં જ સપડાઈ ગયો હતો. ફક્ત 5થી 10 ટકા જ થયો હશે. જ્યારે હાઈબ્રિડ બાજરી 60થી 70 ટકા થઈ હશે. આ મોટો ગાળો જોઈને બીજા વર્ષે જ લગભગ 70થી 80 ટકા ખેડૂતો અમારા ચીલે ચાલતા થઈને હાઈબ્રિડ બાજરીનું વાવેતર કર્યું. બીજો વરસાદ સારો થયો તેથી મેં બાજરી ઊભી લણાવી, અને કડબ ઊભી રહેવા દીધી. મેં ગણતરી કરી કે આ ફાલ જે લણ્યો તે થવો જોઈએ તે કરતાં 50 ટકા જ થયો છે, એટલે છોડની અને જમીનની અર્ધી તાકાત હજી જમા પડી છે. વળી વરસાદ ધરવાણ થયો છે તેથી બીજો ફાલ આવશે. મારી આ ગણતરી સાચી પડી. એકેક રાડે 10થી 15 ડૂંડી આવી અને ઉતારો સારો આવ્યો. પહેલા ફાલની બાજરી 130 મણ અને બીજા ફાલની 100 મણ થઈ. જેણે બાજરી વઢાવી નાખી હતી તે ખેડૂતો પસ્તાયા.

**જીરું :** આજથી 32 વરસ પહેલાં મેં ગામમાં જીરાનો છોડ પણ ભાળ્યો ન હતો. તે સમયે જીરાના પાકનો અખતરો કરવાનો મેં વિચાર કર્યો. અમારા ગામના વીરજીભાઈ જે લોકભારતી સ્નાતક છે એમને મેં વાત કરી કે મને જીરાનું બી લાવી આપો. તે સિદ્ધપુર નોકરી કરતા હતા ત્યાંથી જીરાનું બી અને વાવેતરની માહિતી મને લાવી આપ્યાં. તે પ્રમાણે મેં વાવેતર કર્યું – બે વીઘામાં સત્તર મણ થયું. અનુભવ ઓછો હોવાથી ઉતાર ઓછો આવ્યો. આ જીરું બધું બિયારણમાં વેચ્યું. બીજા વર્ષથી અમારું ગામ જીરામય થઈ ગયું.

**ઈસબગુલ :** ઈસબગુલનો છોડ કેવો હોય તે મને ખબર ન હતી. પણ હું ઊંઝા જીરું લઈને વેચવા ગયો હતો ત્યારે ત્યાં હતું, તેથી બિયારણ અને માહિતી લેતો આવ્યો. તે મુજબ મેં મારી વાડીમાં 8 વીઘાનો ઈસબગુલનો અખતરો કર્યો. વીઘે ઉતાર 12થી 13 મણ આવ્યો. પણ તેનાં બજાર કાયમિક ઓછાં રહે છે. રૂ. 70-80 આસપાસ રહે છે માટે આપણને આર્થિક રીતે ન પોસાય. વીઘે જો 25 મણનો ઉતાર આવે તો પોસાય.

**રાયડો :** રાયડાનું સારી જાતનું બિયારણ લાવીને એક વરસ 10 વીઘાનો અખતરો કર્યો; પણ તેનો ઉતાર બહુ ઓછો આવ્યો. વીઘે 5 મણનો ઉતાર આવ્યો; ભાવ રૂ. 75 આવ્યો. બજાર તેની કાયમિક 70-80 આસપાસ હોય છે એટલે કરવો ન પોસાય.

**ધાણા** : ચારેક વરસ પહેલાં મારી વાડીમાં ધાણા કરવાનો અખતરો કર્યો; તેમાં સફળતા સારી મળી. તેથી છેલ્લાં ચાર વરસથી હું મારી વાડીઓમાં ધાણા કરું છું. તેનો ઉતાર સરાસરી વીઘે 25 મણ સુધી આવે છે. વળી તેની બજાર પણ સારી. લીલાં ધાણાં બનાવીએ તો મણના 100થી 125 રૂપિયા ઊપજે. લાલ ધાણા થઈ જાય તો 60થી 80 રૂપિયા બજાર ભાવ ઊપજે છે.

**મારી ખેતી અને જમીનનો ક્રમિક વિકાસ** :

ભાઈએ ભાગે મારે વાવેતરની જમીન બાવન વીઘા આવી હતી, તેમાં 12 વીઘા સાવ હલકી, ભૂકરીવાળી અને કાંકરિયાટ હતી. 40 વીઘા સારી હતી. પહેલાં લાગઠ ખાતર ભરવાના રિવાજના કારણે 7 વીઘાની વાડી જ ખાતરોડ હતી. આ વાડી કહેવાય પણ કૂવો ખોટો. બીજું 15 વીઘાનું ખેતર તે સામાન્ય ખાતરોડ. કુલ 22 વીઘાની જમીનમાંથી જ સારી ઊપજ મળે, બાકીની જમીનમાં તો બાજરો વીઘે બેથી અઢી મણ ઊતરે. આ બધી જમીનમાંથી શરૂઆતમાં કુલ પાક 125થી 150 મણ થતો, તેમાંથી જીવન જરૂરિયાત પૂરી પાડવાની અને ખેતીનો વિકાસ કરવાનો હતો. પ્રથમ તો હું પણ મૂંઝાયો હતો કે આ કેમ કરવું ? પણ હું લોકશાળામાં ભણ્યો હતો., આયોજનમાં માનતો હતો. મેં પણ આયોજન તૈયાર કર્યું. શરૂઆતનું આયોજન કાંઈક આવું હતું :

છાણિયું ખાતર બધી જમીનમાં ચાસે ભરી ચાસ તૈયાર કરવા.

સાત વીઘાવાળી વાડીમાં ખોટો કૂવો હોવાથી બીજો કૂવો ગળાવવો અને બંધાવવો.

જમીનનું ધોવાણ અટકાવવા બંધ-પાળા કરાવવા.

જમીનમાં વધુ પડતી બોરડી હોવાથી ઊંડેથી ખોદાવી, કાઢી ને જમીન સાફ-સરખી કરવી.

બીજાં બન્ને ખેતરમાં નવા કૂવા ગળાવી, બંધાવી તૈયાર કરાવવા.

ચોમાસુ મોલાત વહેલી ઓરવીને ઉગાડવા માટે બન્ને કૂવાઓ ઉપર ઓઈલ એંજિન મુકાવવાંઅને ઓરડીઓ બનાવવી.

રહેવાના મકાનનો એક જ રૂમ હોવાથી મકાન બનાવવાં.

જમીન વધુ પડતા ઊંચાણ-નીચાણવાળી હોવાથી સમતળ બનાવવી.

ખેતીનાં જોઈતાં સાધનો જેવાં કે મગફળીનું ઓપનર અને તેને ચલાવવા માટે એંજિન વગેરે વસાવવાં.

ચોમાસામાં સૂકી નીરણ રાખવા માટે ગોડાઉન બનાવવું.

### મારી પંચવર્ષીય યોજનાઓ :

ઉપર જણાવેલ આયોજનનાં બધાં કામ મેં જુદી જુદી પંચવર્ષીય યોજનાઓ ઘડીને પૂરાં કર્યાં છે. ચાર પંચવર્ષીય યોજનાઓમાં નીચે પ્રમાણે કામ કર્યું.

**પહેલાં પાંચ વર્ષમાં :**

1. અર્ધી જમીનના ચાસ દેશી ખાતર ભરી ખાતરોડ કર્યા. 2. ખેતીનાં સાધનો વસાવ્યાં.

3. બધી જમીનમાં બંધ-પાળા કરાવ્યા. 4. બોરડી ઊંડેથી ખોદાવી.

5. સાત વીઘાવાળી વાડીમાં બીજો કૂવો ગળાવી બંધાવ્યો.

**બીજાં પાંચ વર્ષમાં :**

1. બધી જમીનમાં ચાસે છાણિયું ખાતર ભર્યું. 2. બધી જમીનમાં રાસાયણિક ખાતર ચાસે વાવ્યું.

3. એક ઓઈલ એંજિન લીધું તથા ઓરડી બનાવી. 4. પંદર વીઘાવાળી જમીનમાં નવો કૂવો ગળાવી બંધાવ્યો.

**ત્રીજાં પાંચ વર્ષમાં :**

1. બધી જમીનમાં ચાસે છાણિયું ખાતર ભરી ચાસ પાકા કર્યાં.

2. રાસાયણિક ખાતર બધી જમીનમાં ચાસે વાવ્યું.

3. મકાન બનાવ્યાં.

4. મગફળીનું ઓપનર, એંજિન અને તેનો રેંકડો વગેરે લીધાં.

5. આઠ વીઘા જમીન વેચાતી લીધી.

**ચોથાં પાંચ વર્ષમાં :**

1. છાણિયું ખાતર બધી જમીનમાં ચાસે ભરી ચાસ વધુ પાકા કર્યા..

2. રાસાયણિક ખાતર બધા ચાસમાં ભર્યું.

3. સૂકી નીરણ ભરવા ગોડાઉન બનાવ્યું.

4. વીશ વીઘાવાળા ખેતરમાં નવો કૂવો ગળાવી, બંધાવી, ઓરડી બનાવી, ઓઈલ એંજિન મૂક્યું.

5. વીશ વીઘાવાળું ખેતર ટ્રેક્ટરથી સમતળ બનાવ્યું.

કહેવતમાં કહ્યું છે કે ભળકડાનું દળ્યું અને નાનપણનું રળ્યું તેની તોલે બીજું ન આવે. આ વાત તદ્દન સાચી છે. મેં જુદા થયા પછી શરૂઆતનાં 20 વરસમાં ખરેખરું ધ્યાન આપ્યું ત્યારે જ મારી જમીન કેળવાઈને બરાબર તૈયાર થઈ અને ખેતી વિકાસનાં સાધનો પણ વસાવાઈ ગયાં છે.

### અમારું કુટુંબજીવન :

આંબલા લોકશાળામાં મેં ચાર વરસનો અભ્યાસ કર્યો. પૂ. નાનાદાદા અને પૂ. મનુદાદાએ મારામાં જે સંસ્કાર રેડ્યા તેનાથી મને સમજાયું કે સાચા જીવનઘડતર માટે બાળકોને આંબલા લોકશાળા અને સણોસરા લોકભારતીમાં જ અભ્યાસ માટે મોકલાય.

મેં મારાં ત્રણે બાળકો – એક દીકરી તથા બે બાળકોને આંબલા ગ્રા. દ. મૂ. લોકશાળામાં અને પછી ઉચ્ચ શિક્ષણ માટે સણોસરા લોકભારતીમાં જ ભણાવ્યાં છે. અમે બધાં આ રીતે એક જ ટપલે ઘડાયેલાં છીએ તેથી અમારા સૌના વિચારો એક છે ને તેથી અમારું અને અમારાં બાળકોનું કુટુંબ-જીવન ખૂબ જ સુખી છે.